અપીલ અરજી નં.૨૧૭ તા.૧૫–૧૦–૦૯ /૧૦

અરજદારઃ શ્રી મહેશભાઈ છોટુભાઈ પટેલ
સામાવાળાઃ ડે.કમિશ્નર (સ્પે.)અને જાહેર માહિતી અધિકારી,હાઉસીંગ

ફરીયાદની હકીકતઃ–

***વિષય :***– આરટીઆઈ એકટ હેઠળ શ્રી મહેશભાઈ છોટુભાઈ પટેલની તા.૮–૯–૦૯ ની અરજીથી (એ)દરજી મહોલ્લો, અડાજણ ગામતળના સીટી સર્વે શીટ પ્રમાણે આશરે ૧૮.૮૪૨ ૪ મી. પહોળો તથા તે રસ્તો અડાજણ ગામ તરફ દરજી મહોલ્લામાં આગળ જતાં ૧૪.૩૧૩૬ મીટર પહોળો છે તે રસ્તા પૈકીની જગ્યામાં નાનો બાગ બનાવેલ છે અને એ બાગની બહાર હાઉસીંગ વિભાગ તરફથી બે બેંચ મુકવામાં આવેલ છે તે કાયદેસર છે કે ગેરકાયદેસર? તેની વિગતો (બી) જો તે કાયદેસર હોય તો કયા અધિકારીની મંજુરીથી? અને કયા ઠરાવના આધારે મુકવામાં આવેલ છે તેની માહિતી (સી) અને જો તે ગેરકાયદેસર હોય તો શું? આમાં કોઈ મ્યુ. સભ્ય તેની ગ્રાન્ટ વાપરી શકે ખરા? અને ગેરકાયદેસર અંગે શું પગલા લેવામાં આવેલ છે અને જો તે દુરકરવા હોય તો કાયદાની કઈ જોગવાઈ હેઠળ દુર કરી શકાય તેની માહિતી આપવા બાબત.

***સંદર્ભ :***– અરજદાર મજકુરની તા.૧૫–૧૦–૦૯ ની અપીલ અરજી નં.૨૧૭/૨૦૦૯–૧૦

શ્રી મહેશભાઈ છોટુભાઈ પટેલની તા.૮–૯–૦૯ ની અરજીથી ઉપરોકત વિષયમાં જણાવેલ બાબતે માહિતી માંગવામાં આવેલ. જેના અનુસંધાને પત્ર નં.હાઉસીગ/આ.નં.૫૭૫ તા.૩૦–૯–૦૯ થી આપેલ માહિતી સંતોષકારક જવાબ આપવામાં આવેલ નથી તેવું જણાવી મળેલા પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૫–૧ ૦–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા નં.આરટીઆઈ સેલ/૭૯૯ તા.૨૨–૧૦–૦૯ થી ડે.કમિશ્નર (સ્પે.)અને જાહેર માહિતી અધિકારી,(હાઉસીંગ)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી અત્રેના વિભાગને કોઈ પૂરક માહિતી મળેલ નથી.

અરજદારની તા.૮–૯–૦૯ ની મુળ અરજીથી (એ)દરજી મહોલ્લો, અડાજણ ગામતળના સીટી સર્વે શીટ પ્રમાણે આશરે ૧૮.૮૪૨૪ મી . પહોળો તથા તે રસ્તો અડાજણ ગામ તરફ દરજી મહોલ્લામાં આગળ જતાં ૧૪.૩૧૩૬ મીટર પહોળો છે તે રસ્તા પૈકીની જગ્યામાં નાનો બાગ બનાવેલ છે અને એ બાગની બહાર હાઉસીંગ વિભાગ તરફથી બે બેંચ મુકવામાં આવેલ છે દરજી મહોલ્લામાં રસ્તાની જગ્યામાં બનાવવામાં આવેલ તથા બાગની બહાર મુકવામાં આવેલ બે બેંચો તે કાયદેસર છે કે ગેરકાયદેસર? તેની વિગતો માંગવામાં આવેલ છે. જે અંગે મ. જાહેર માહિતી અધિકારી કક્ષાએથી "જેમાં મુદ્દા નં.એ માં દરજી મહોલ્લો અડાજણ ગામતળમાં સીટી સર્વે સીટમાં જે ખુલ્લી જગ્યા બતાવેલ છે. તેમાં સ્થળ ઉપર વર્ષો જુના બાંધકામની સ્થિતિ દર્શાવેલ છે જે આ ખુલ્લી જગ્યામાં અગાઉ બાંધકામો હોવાનો નિર્દેશ કરે છે. આ સ્થળે વર્ષો અગાઉ જાહેર સંડાસો તથા અન્ય જાહેર મિલ્કતો પંચાયતના સમયમાં હોવાનું તથા ત્યાર બાદ આ સરકારી જગ્યા સુરત મહાનગરપાલિકાની હદમાં સમાવેશ થયા બાદ આ સ્થળે જાહેર ન્યુસન્સ અટકાવવા આ સ્થળે તત્કાલીન સમયના સ્થાનિકોની રજુઆતથી રસ્તો છોડી નાનો બાગ બનાવવામાં આવેલ હોવાનું પ્રાથમિક તપાસમાં જણાય છે. પરંતુ જે સંબંધિત અત્રે ખાતામાં કોઈ રેકર્ડ નથી. પરંતુ આ સ્થળ જાહેર સુવિધા માટે હાલમાં વપરાય છે. તથા બાંકડાના પ્રર્વતમાન નિતિ અનુસાર મુકાવેલ છે." તે મુજબનો જવાબ અરજદારને પાઠવવામાં આવેલ છે. જે અંગે અરજદારે અપીલ અરજીમાં સંતોષકારક જવાબ આપવામં આવેલ નથી તેવું જણાવેલ છે. પરંતુ તે અંગે કોઈઆધાર કે વાજબીપણું જણાવેલ નથી. મુદ્દા નં. (બી) દરજી મહોલ્લામાં રસ્તાની જગ્યામાં બનાવવમાં આવેલ તથા બાગ બહાર મુકવામાં આવેલ બેંચ કાયદેસર છે તો સુરત મહાનગરપાલિકાના કયા અધિકારીની મંજુરીથી અને કયા ઠરાવના આધારે મુકવામાં આવેલ છેતેની માહિતી માંગવામાં આવેલ છે. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી " સદર બંને બાંકડા મ્યુનિ. સદસ્ય શ્રી પ્રવિણભાઈ પટેલની માંગણી મુજબ સ્થા. સ.ઠ.નં. ૧૬૧૪/૨૦૦૩ તથા સ્થા.સ.ઠ.નં.૫૧૬/૨૦૦૫ મુજબ મુકવામાં આવેલ છે. " તેવો જવાબ મ. જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને પાઠવવામાં આવેલ છે. તેના સંદર્ભે અરજદારે અપીલ અરજીમાં કાર્યપાલક ઈજનેર ધ્વારા બંને બેંચ બાબતે મ્યુ. સદસ્યશ્રી પ્રવિણભાઈ પટેલની માંગણી મુજબ સ્થા.સ. ના ઠરાવ નં.૧૬૧ ૪/૨૦૦૩ તથા સ્થા.સ.ઠ. નં.૫૧૬/૨૦૦૫ મુકવામાં આવેલ છે. ઠરાવની નકલ જવાબ સાથે આવામાં આવેલ છે પરંતુ તેમાં સહી સિકકા આપવામાં આવેલ નથી. માત્ર ઝેરોક્ષ કોપી આપવામાં આવેલ છે.લજેથી આપવામાં આવેલ જવાબ તદ્દન બોગસ અને આપવા ખાતાર આપેલ છે અને માહિતી અધિકારીના હકથી વંચિત રાખેલ છે. તેમજ જે ઠરાવ ધ્વારા આપવામાં આવેલ છે તેમાં રસ્તા ફુટપાઠ ઉપર મુકવા અંગેનો ઠરાવ છે અને સદર બાકડા રસ્તા ઉપર આવેલાછે જેથી આપવામાં આવેલ ઠરાવ આ કેસમાં લાગુ પડતો નથી કે બંધનકર્તા નથી અને મીસગાઈડ કરવા ફકત ઝેરોક્ષ કોપી આવેલ છે લાકડા પ્રવર્તમાન સ્થિતિ અનુસાર મુકવામાં આવેલ ન હોવાથી ગેરકાયદેસર હોવા છતાં બાકડા કાયદેસર હોવાનું જણાવી રહયા છે તેવી રજૂઆત કરેલ છે. અત્રે અરજદારે મુળ અરજીમાં કોઈ પ્રમાણિત નકલની માંગણી કરેલ નથી.તેમજ અરજદારે કરેલી દલીલ

અંગે કોઈ આધાર કે વાજબીપણું રજૂ કરેલ નથી. અપીલ તબકકે મુળ અરજીથી અલાયદી રજૂઆત કરવામાં આવેલ છે. મુદ્દા નં.(સી) દરજી મહોલ્લામાં રસ્તાની જગ્યામાં બનાવવામાં આવેલ બાગ તથા બેંચ ગેરકાયદેસર હોય તો શું? આમાં કોઈ

પાછળ



મ્યુ. સભ્ય તેની ગ્રાંટ વાપરી શકે ખરા? અને ખરેખર રસ્તા પૈકીની જગ્યામાં બનાવવામાં આવેલ બાગ અને બાગની બહાર મુકવામાં આવેલ બેંચો ગેરકાયદેસર છે તો સુરત મહાનગરપાલિકા ધ્વારા શું પગલા લેવામાં આવેલ છે અને જો તેને દુર કરવાની હોય તો કાયદાની કઈ જોગવાઈ હેઠળ તે દુર કરી શકાય તેની માહિતી માંગવામાં આવેલ છે. જેના અનુસંધાને મ. જાહેર માહિત અધિકારી તરફથી મુદ્દા નં.બી માં જણાવેલ મુજબની જોગવાઈ મુજબ મુકેલ છે અને જે વોર્ડના મ્યુ. સદસ્યશ્રીની ગ્રાંન્ટ હેઠળ મુકવામાં આવેલ છે. તેવો જવાબ મ. જાહેર માહિતી અધિકારી તરફથી આપવામાં આવેલ છે. જેમાં અપીલ તબકકે કોઈ પણ જાતનો જવાબ આપવામાં આવેલ નથી. આપવામાં આવેલી માહિતી ખોટી અને બોગસ છે અને ખરી માહિતી છુપાવવાની કોશિશ કરી રહેલ છે. અને પ્રજાને ગેરમાર્ગે દોરવાની પ્રયત્નશીલ છે. અમોએ માંગેલી માહિતીમાં ગેરકાયદેસર બેંચ હોય તો તેને દુર કરવા અંગે સુરત મ્યુ. કચેરી ધ્વારા કયા પગલા લેવામાં આવેલ છે. તેનો કોઈ જવાબ આપવામાં આવેલ નથી. એટલે મ્યુ. કચેરી ગેરકાયદેસર બાગ અને બેંચ અંગે કોઈ કાર્યવાહી કરેલ નથી. એવું માનવું? અને ગેરકાયદેસર બાગ અને બેંચ કાયદાની કઈ જોગવાઈ હેઠળ તે દુર કરી શકાય તેની માહિતી પણ સુરત મ્યુ. કચેરી ધ્વારા આપવામાં આવેલ નથી તો શું સુરત મ્યુ. કચેરી ગેરકાયદેસર બાગ અને બેંચ આપ ખુદ સત્તા વાપરીને દુર કરે છે? તેવી રજૂઆત કરેલ છે. અરજદારની મુળ તકરાર કાયદેસર અને ગેરકાયદેસર બાબતેની રહેલી છે. આરટીઆઈ એકટની કલમ–૨(એફ) અને ૨–(જે) હેઠળ જાહેર માહિતી અને માહિતી અધિકારની વ્યાખ્યા અન્વયે જાહેર સત્તા મંડળ પાસેની અથવા નિયંત્રણ હેઠળની ઉપલબ્ધ દફતરની માહિતી પુરી પાડવાની જોગવાઈ છે.

હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૮–૯–૦૯ની અરજીથી માંગવામાં આવેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પુરી પડાયેલ હોય અપીલ અરજી અંગે કશું કરવાનું રહેતુ ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

અરજદારે અપીલ તબકકે ઉપસ્થિત કરેલ અલાયદા મુદ્દાની માહિતી કાયદા અને નિયમની જોગવાઈ અનુસાર અલગ અરજી લાગત જાહેર માહિતી અધિકારીને કરી માહિતી મેળવવા અરજદાર સ્વતંત્ર છે. તથા કાયદેસર અને ગેરકાયદેસર બાબતે સક્ષમ સત્તાને રજૂઆત કરવા સ્વતંત્ર છે.

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૧૧ –૦૯.

ડે.કમિશ્નર(જનરલ),
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) ડે.કમિશ્નર (સ્પે.)અને જાહેર માહિતી અધિકારી,હાઉસીંગ.....જાણ તથા અમલ માટે.
(૨) શ્રી મહેશભાઈ છોટુભાઈ પટેલ ૬૮,દરજી મહોલ્લો, અડાજણ, સુરત..તેઓની અપીલ અરજી અંગે ઉપરની વિગતેના હુકમ ધ્વારા કરવામાં આવેલ નિકાલ સબબ જાણ સારૂ